અપીલ અરજી નં.૪૫૫ તા.૨૯–૩–૧૦

અરજદારઃ– શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયાની તા.૯–૩–૧૦ ની અરજીથી (૧) ઉધનાઝોનના ઉધના મેઈરોડ પર આવેલ ખરવર નગર વસાહતના રસ્તાઓની માલિકી કોની છે? તેનું માપ શું છે? આ રસ્તાઓ પૈકી કેટલા રસ્તાઓ કયારે વસાહતના વહીવટકર્તાઓ ધ્વારા મહાનગરપાલિકાને તબદીલ કરેલ છે? તેનું માપ શું છે? વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૫૫/૨૦૦૯–૧૦

શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયાની તા.૯–૩–૧૦ની અરજીથી (૧) ઉધનાઝોનના ઉધના મેઈરોડ પર આવેલ ખરવર નગર વસાહતના રસ્તાઓની માલિકી કોની છે? તેનું માપ શું છે? આ રસ્તાઓ પૈકી કેટલા રસ્તાઓ કયારે વસાહતના વહીવટકર્તાઓ ધ્વારા મહાનગરપાલિકાને તબદીલ કરેલ છે? તેનું માપ શું છે? વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૧૬૬ તા.૨૨–૩–૧૦ થી આપેલ માહિતી સાવ પાયા વિહોણી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦ તા.૩–૪–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૧૪ તા.૧૨–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૧૬૬ તા.૨૨–૩–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૯–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ ઉધનાઝોનના ઉધના મેઈરોડ પર આવેલ ખરવર નગર વસાહતના રસ્તાઓની માલિકી કોની છે? તેનું માપ શું છે? આ રસ્તાઓ પૈકી કેટલા રસ્તાઓ કયારે વસાહતના વહીવટકર્તાઓ ધ્વારા મહાનગરપાલિકાને તબદીલ કરેલ છે? તેનું માપ શું છે? મુદ્દા નં.૨. આ વસાહતના રસ્તાઓ અગાઉ જયારે બનેલ હતાં તે કોના ખર્ચથી બનાવવામાં આવેલ હતાં?જે સંદર્ભે અનુદાનની રકમો મહાનગરપાલિકા ખાતે જમા થયેલ છે? કેટલી? કોની કોની? મુદ્દ ાનં.૩ હાલમાં આ વસાહતના રસ્તાઓ કયા પ્રકારે રીકાર્પેટ કરી આપવામાં આવનાર છે? આ અંગેનો કોઈ ખર્ચ વસાહત વહીવટીકર્તાઓ પાસે વસુલ લેવાનો છે ખરો? જો હાહોય તો કેટલો? અને ના હોય તો કયા નિયમોનુસાર? મુદ્દા નં.૪ હાલમાં અંદાજ મંજુરી અંગે જાહેર બાંધકામ સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે? તે દરખાસ્તમાં રસ્તાની માલીકી મહાનગપાલિકાની દર્શાવેલ છે. જયારે ફાઈલના અંદાજ મંજુરી અંગે ઝોનના કાર્યપાલક ઈજનેર ની સહી વાળા રીપોર્ટમાં રસ્તાની માલીકી ખાનગી દર્શાવેલ છે. આમ સાચું કોણ કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન કે મ્યુ. કમિશ્નરશ્રી? જે અંગે કમિશ્નરશ્રીને ગેરમાર્ગે દોર્યા હોય તો તેવા કર્મચારી/અધિકારી સામે કાયદેસર શું પગલા લેવામાં આવશે? અને કયારે? તેવી માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક. ૧૬૬ તા.૨૨–૩–૧૦ થી " ખરવરનગરના આંતરિક રસ્તાઓની મહાનગરપાલિકાના નિતિ નિયમ મુજબ એટલે કે ૫૯ ટકા સોસા. ડીપોઝીટ ખાતે તથા ૪૧ ટકા ના લોક ફાળા હેઠળ બનાવવામાં આવેલ છે ." તેવી માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે પાયા વિહોણા જવાબ આપી જવાબદારીમાં છટકવા માટે આવેલ છે તેવું જણાવી તા.૨૯–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી ચારેય મુદ્દા પૈકી મુદ્દા નં.૧,૩, તથા ૪ ની પૂરી તથા નં.૨ ની અનુદાનની જમા રકમો અંગેની માહિતી પૂરી પાડેલ જણાતી નથી. ૫૯ ટકા અને ૪૧ટકાની માહિતીના માપ અને ખર્ચની અરજદારને દફતરી વિગતો તેમજ રસ્તાની માલીકી અંગેની માહિતીની વિગતો પૂરી પડાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દાન નં.૧,૩ તથા ૪ ની પૂરી તથા નં.૨ ની આંશિક નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૪ –૧૦

ઈ.ચા. ડે.કમિશ્નર<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન,...જાણ તથા અમલ માટે

(૨) શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા,